# સુજલામ સુફલામ્ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના મોતેસરી ખાતેથી શુભારંભ

તલોદ તા ૧૮

રાજય સરકાર ના દ્વારા સુજલામ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના



તલોદ તાલુકાના મોતેસરી ગામે થી શુભારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા સાંસદ દીપસિહ રાઠોડ, ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ઝાલા, જિલ્લા મહિલા અને બાળવિકાસ શાખા ના ચેરમેન રેખા બા ઝાલા, તલોદ એ પી એમ સી ના ચેરમેન સંજય પટેલ જિલ્લા સદસ્ય મહેન્દ્રભાઈ પટેલ જિલ્લા કલેકટર હિતેશ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શાહ પ્રાંતિજ પ્રાંત અધિકારી ડોડીયા મામલતદાર હિમાંશુ ચૌહાણ તાલુકા વિકાસ અધિકારી મૌલિક શર્મા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હિમતનગર ના ધારાસભ્ય વીનેન્દ્ર સિહ ઝાલા એ જણાવ્યું હતું કે સુજલામ સુફલામ્ યોજના ની રાજ્ય ના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સરકાર દ્વારા શરૂઆત કરવામાં આવી ત્યારે વિપક્ષ દ્વારા પ્રજાલક્ષી યોજના ના વિરોધ વચ્ચે રાજ્ય સરકાર ના દ્રઢ સંકલ્પ સાથે યોજના નો પ્રારંભ કરવામા આવ્યો હતો સુજલામ સુફલામ્ યોજના થી પાણીના સ્તર ઉપર આવ્યા છે જેના કારણે રાજ્યના ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ થયા છે રાજ્ય સરકાર ની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી આ પ્રસંગે સાંસદ દીપ સિંહ રાઠોડ જિલ્લા સમાહર્તા હિતેશ કોયા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું આ કાર્યક્રમ માં સ્વાગત મોતેસરી સરપંચ દ્વારા કરવામાં આવી હતી આભારવિધિ કાર્યપાલક ઈજનેર પટેલ દ્વારા કરવામા આવી હતી

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હરહર મહાદેવના નાદ સાથે મહાશિવરાત્રિ પર્વની ઉજવણી

## શિવ મંદિરના સાનિધ્યમાં લોકમેળા યોજાયા : ભાંગની પ્રસાદી માટે કતારો લાગી

બાયડ, તા.૧૮

દેવોના દેવ મહાદેવના પ્રાગટ્ય દિવસ એવા મહાશિવરાત્રિ મહોત્સવની સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હરહર મહાદેવના નાદ સાથે આસ્થાપૂર્વક ઉજવણી થઈ હતી. શનિવારે વહેલી સવારથી શિવાલયોમાં ભગવાન ભોળાનાથના પૂજન-અર્ચન માટે ભોળાના ભક્તોએ કતારો લગાવી જળાભિષેક અને બિલ્વપત્રથી શિવપંચાક્ષર મંત્ર સાથે સર્વના કલ્યાણની કામના અર્થે પૂજા અર્ચના કરી હતી. જ્યારે શિવમંદિરોમાં શિવભક્તો માટે આજના પ્રસંગે ખાસ પ્રસાદના સ્વરૂપમાં લેવાતી ભાંગનો પ્રસાદ ગ્રહણ કરવા માટે પ્રસિદ્ધ મંદિરોમાં કતારો લાગી હતી. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે અનેક વિસ્તારોમાં શિવસાનિધ્યે પરંપરાગત લોકમેળા યોજાયા હતા. પરોઢથી બંન્ને જિલ્લામાં જાણે કે ભગવાન ભોળાનાથની ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો શિવજીની વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હોવાના અહેવાલ છે. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વનો અગાઉથી જ ઉત્સાહ શિવભક્તોમાં જોવા મળ્યો હતો. મહાપર્વની ઉજવણી નિમિત્તે શિવાલયોને રંગરોગાન કરવાની સાથે ભવ્ય રોશનીથી શણગારવામાં આવ્યાં પછી તા.૨૪ના રોજ મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે શિવાલયોમાં લઘુરૂદ્ર, ઓમ નમ: શિવાયના અખંડ જાપ, અન્નકુટ સહિત શોભાયાત્રાનાં આયોજન થતાં શિવલહેરનું મોજુ ફરી વળ્યું હતું. જિલ્લામાં ભગવાન ભોળાના ભક્તોએ મહાશિવરાત્રિ પર્વના દિવસે શિવકૃપા મેળવવા માટે પંચોક્ચાર, બિલ્વપત્ર અને દૂધના અભિષેકથી કૃપા મેળવવાનો પ્રયાસ કરતાં વહેલી પરોઢથી જ શિવ મંદિરોમાં પૂજન અર્ચન માટે શ્રદ્ધાળુઓની કતારો લાગી હતી. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વ પ્રસંગે બાયડના બાયડના વૈજનાથ મહાદેવ, ઋણમુક્તેશ્વર, સોમનાથ મહાદેવ, વાંટડાના ધારેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ તથા બોરણાના શિવ મંદિર, ભિલોડાના ભવનાથ મંદિર, વિજયનગરના વિરેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વરના ઉજળેશ્વર મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ,



ચમારપુરના બનૈયા મહાદેવ, સાયરા નજીકના ગેબીનાથ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના પ્રસિદ્ધ શિવમંદિરોમાં શિવરાત્રિ નિમિત્તે ખાસ શિવપુજાના આયોજનો આયોજીત થતાં મોટી સંખ્યામાં શિવભક્તોએ ઉપસ્થિત્ રહી લાભ લીધો હતો. કેટલાક વિસ્તારોમાં તો ભાંગ પ્રસાદી માટે રીતસરની પડાપડી જોવા મળી હતી. જ્યારે શિવભક્તો માટે ફળાહારના પણ આયોજન ગોઠવાયાં હતાં.

# મહાશિવરાત્રીની પાલનપુર શહેર અને જિલ્લામાં ભવ્યાથી ભવ્યથી ઉજવણી





પાલનપુર તા.૧૮

દેવાથી દેવ મહાદેવના આજે મહાશિવરાત્રીના મહા પરવે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ના નગર દેવતા પાતાળેશ્વર મહાદેવ સહિત મોટાભાગના શિવાલયોમાં વહેલી સવારથી જ શિવભક્તો ભગવાન ભોળાનાથને અભિષેક રુદ્રાભિષેક જળ દૂધ ફળ ફૂલો બીલીપત્ર પંચામૃત મધ અને વિવિધ વસ્તુઓનો અભિષેક કર્યો હતો.

પાલનપુરના પાતાળેશ્વર મહાદેવ લક્ષ્મણ ટેકરી કીર્તિસ્થંભ તપોધન સમાજ બ્રાહ્મણવાસ કૈલાશ મહાદેવ બેચરપુરા લક્ષ્મીપુરા ગણેશપુરા ભાગ્યોદય સોસાયટી રામેશ્વર મહાદેવ વિજય હનુમાન મંદિર કંથેરીયા હનુમાન પોલીસ હેડ ક્વોટર્સ સહિત મોટાભાગના શિવાલયમાં શિવ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બનાસકાંઠા જિલ્લાના બાલારામ વિશ્વેશ્વર કેદારનાથ હાથીદરા બાજોઠીયા સહિત ડીસાના શિવાલય પાંથાવાડા નજીક ગંગેશ્વર મહાદેવ કોટેશ્વર મહાદેવ અંબાજી ધાનેરાના શિવાલયો માં શિવ ભક્તો હર હર મહાદેવ બમ બમ ભોલે ના નાદ થી અદભુત વાતાવરણ સર્જાયું હતું. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી . જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મહાશિવરાત્રીના મહાપર્વ ભગવાન ભોળાનાથને ભાંગ નો પ્રસાદ ચઢાવાય છે. શિવ ભક્તો ભાંગને દૂધ વરિયાળી કાજુ બદામ સૂકો મેવો નું મિશ્રણ કરી દૂધાનો પ્રસાદ શિવભક્તોને પીવડાવાય છે. જ્યારે કેટલીક સોસાયટીઓમાં શિવ ભક્તો શિવરાત્રીના અગાઉના દિવસોથી જ ભાંગ બનાવવામાં મસ્ત બન્યા છે. ભાંગ નો પ્રસાદ મર્યાદામાં લેવાય તે જોવા પણ વડીલો યુવાનોની ખબર રાખતા હોય છે. શિવરાત્રીની રાત્રે શિવાલયમાં ભગવાન શંકરના ભજનોની રમઝટ બોલાવી શિવ સ્તુતિ સાથે શિવ મહિમ્ન સ્રોત કરી રાત્રિ જાગરણ નું સુંદર આયોજન કરાયું છે. શિવરાત્રીના મહાપર્વ ચાર પ્રહરની શિવ પૂજા નું અનેરુ મહત્વ છે. શિવરાત્રીના મહાપર્વ શિવ ભક્તો શિવજીને રિઝવવા તલીન બન્યા છે.

## બ્રહ્માકુમારી સંસ્થા તલોદ દ્વારા શિવજયંતી પર્વની ઉજવણી કરાઈ

તલોદ તા ૧૯

સાબરકાંઠા જિલ્લા ના તલોદ ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંસ્થા દ્વારા નિરાકાય જયોતિ સ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવ ના અવતરણ ની યાદગીરી સ્વરૂપે શિવજયંતિ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહીયલ યેવલા પરિવાર ના શેઠ શ્રી કમલેશ ભાઈ ઉપાધ્યાય ના વરદ હસ્તે શિવધ્વજ લહેરાવવામાં આવ્યો હતો કાર્યક્રમની શરુઆત હીનાબેન ઉપાધ્યાય ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી આ પ્રસંગે તલોદ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી ચંપા દીદી એ મનનીય પ્રવચન કરી શિવ જયંતિ નું આધ્યાત્મિક મહત્વ સમજાવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં મહાશિવરાત્રી પર્વ ને લઈને શિવાલયો હર હર મહાદેવના નાદ થી ગુંજી ઉઠ્યા






પ્રાંતિજ તા.૧૮

મહાશિવરાત્રી પર્વ ને લઇને જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં આવેલ શિવમંદિરો માં સવારથીજ શીવભકતોની ભીડ જોવાં મળી હતી ને હર હર મહાદેવ , ઓમ નમશિવાય ના નાદ થી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા તો શ્રી માર્કંડેશ્વર મહાદેવ દાદાની દરવર્ષની જેમ આવર્ષે પણ દાદાની ધામધૂમથી નગરયાત્રા નિકળી હતી

પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથીજ શિવમંદિરો શિવભકતો થી ઉભરાયા હતાં તો પ્રાચીન મંદિર શ્રી માર્કંડેશ્વર મહાદેવ દાદાની વર્ષો થી ચાલી આવતી પરમપરા મુજબ શિવરાત્રીના દિવસે દાદા ની નગરયાત્રા નિકળી હતી અને શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર થી પ્રાંતિજ બજાર વિસ્તારમાં આવેલ શ્રી હરીહરેશશ્વર મહાદેવ , શ્રી જબરેશ્વર મહાદેવ ,શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર સહિત શિવમંદિરોમાં જઇ શિવ ભકતોના ધરે-ધરે દાદાએ પધરામણી કરી હતી તો શિવભકતો દ્વારા દાદાની ધરે પધરામણી કરાવી ને આરતી ઉતારીને ધન્યતા અનુભવી હતી તો પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શિવમંદરોમાં ભકતોનીભીંડ જોવા મળીહતી અને ઓમ નમશિવાય, હર હર મહાદેવ સહિત ના નાદ થી શિવાલયો ગુંજી ઉઠ્યા હતાં તો શિવમંદિરોમાં યજ્ઞો સહિત ના દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતાં .

# અરવલ્લીમાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવ પૂર્વક ઉજવણી : મોડાસામાં શહેરમાં ભોળાનાથની ભવ્ય પાલખી યાત્રામાં ભકતો શિવમય







મોડાસા તા.૧૮

અરવલ્લી જીલ્લામાં મહા શિવરાત્રી પર્વની ભક્તિમાં શિવ ભક્તો લીન બન્યા હતા જીલ્લાના તમામ શિવાલયોમાં ભગવાન શિવના દર્શનાર્થે વહેલી સવારથી ભક્તો ઉમટી પડ્યા હતા જીલ્લાના શિવમંદિરો ઓમ નમ: શિવાય,હર હર મહાદેવ,બમ બમ ભોલેના નાદ થી ગુંજી ઉઠ્યા હતા શિવજીને રીઝવવા માટે શિવાલયોમાં બિલ્વપત્ર,દૂધ,ગંગાજળ,મધ અને પંચામૃત થી શિવલિંગ ઉપર અભિષેક થી વિશેષ પૂજામાં શિવભકતો ભક્તિભાવ થી જોડાયા હતા જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ માં ઘી માંથી શંકર-પાર્વતીના રૂપની મૂર્તિ એ લોકોમાં વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું માલપુર ના ભવનાથ મંદિર અને મોડાસા કાશીવિશ્વનાથ મંદિર દ્વારા ભજન કીર્તન સાથે પાલખીમાં બિરાજમાન શિવજીની શોભા યાત્રા નગરમાં ફેરવવામાં આવી. વૈરાગ્ય મૂર્તિ છતાં સદાપ્રસન્ન-આનંદ મગ્ન ભભૂતિ,રુદ્રાક્ષ અને ભૂજંગનો શણગાર,જટાધારી,મસાણમાં વાસ,ધ્યાનસ્થ હોય ત્યારે મહાયોગી અને નૃત્ય કરે ત્યારે નટરાજ,માયા થી પર પણ કુબેરને ભંડારના દાતા દેવોના દેવ અને ભક્તોના તારણહાર ભોલેનાથ શિવનો પૃથ્વી પરનો પ્રાગટ્ય દિવસ મહા માસ ની ૧૩મી તિથિ એટલે મહાશિવરાત્રી.અરવલ્લી જીલ્લામાં મહાશિવરાત્રી પર્વમાં જાણે જીલ્લાના શિવાલયો કૈલાશ બન્યા હોય તેવો આધ્યત્મિક માહોલ જોવા મળ્યો હતો જીલ્લાના તમામ શિવાલયો અને દેવાલયો શંખ ડમરુ અને હર હર મહાદેવના નાદ થી ગુંજી ઉઠ્યા હતા મોડાસા શહેરમાં જોગી ઉમટ્યા હતા મોડાસા શહેરના શામપુર ખાતે આવેલા કુંઢેરા મહાદેવ અને મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ ખાતે પરંપરાગત ભરાતા મેળામાં માનવમહેરામણ ઉમટ્યું હતું. મોડાસા શહેરના માઝુમ નદીના કિનારે આવેલા પ્રાચીન શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરથી કાશીવિશ્વનાથ ઉત્સવ સમિતિ તથા કાશીવિશ્વનાથ સંકુલ દ્વારા આયોજિત ભવ્યાતિભવ્ય ભોળાનાથજી પાલખીની શોભયાત્રા માં ભગવાન શિવ શહેરમાં ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળતા ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી લીંભોઈ અને માલપુર નગરમાં ભગવાન શિવની ભવ્યાતિભવ્ય શોભયાત્રા નીકળી હતી કેટલાક સ્થળોએ શિવપુરાણ કથા પણ યોજાઈ હતી રાત્રી દરમિયાન ભજન-કીર્તન સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા

# થરાદની મોડેલ સ્કૂલ ખાતે ત્રિ-દિવસીય વ્યાખ્યાન માળા યોજાશે

પાલનપુર તા.૧૮



થરાદના મીઠા ભાભર રોડ પર સરકારી કોલેજની પાછળના ભાગે આવેલ મોડેલ સ્કૂલ થરાદ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી સરહદી સભા દ્વારા આયોજિત ત્રી દિવસીય વ્યાખ્યાન માળા અંગે માહિતી આપી હતી. મોડેલ સ્કૂલ થરાદ ખાતે યોજાયેલી પત્રકાર પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સરહદી સાહિત્ય સભા અને મોડેલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે જ્ઞાન વ્યાખ્યાન માળા તારીખ : ૨૦/૨૧/૨૨ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ થી ૧૦ કલાકે યોજાશે.આ કાર્યક્રમમાં ત્રણ મહાનુભાવો અલગ અલગ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કરવાના હોઈ જેનો થરાદના ઉત્સાહિત નગરજનોને લાભ લેવા અનુરોધ કરાયો હતો તેમજ ઈચ્છુક નગરજનોને મોડેલ સ્કૂલ થરાદ ખાતે લાવવા માટે બસની સુવિધા ઉપલબ્ધ કરાઈ હોવાનું જણાવી રસિક શ્રોતાગણોએ મોડેલ સ્કૂલ તેમજ એમ.એસ સ્કૂલ માંથી સત્વરે કાર્યક્રમનો એન્ટ્રી પાસ મેળવી લેવા અનુરોધ કર્યો હતો.

# આજે તલોદ માર્કેટ યાર્ડ ખાતે મફત રોગ નિદાન કેમ્પ યોજાશે

તલોદ તા ૧૮

સમગ્ર ગુજરાત માં બીજા નંબર નુ સ્થાન ધરાવનાર તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે આગામી રવિવારે સવારના નવ થી બપોરના ત્રણ વાગ્યા સુધી મફત સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતાં તલોદ માર્કેટ યાર્ડ ના ચેરમેન સંજય ભાઈ પટેલે જણાવ્યું હતું કે તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને અમદાવાદ ની હેલ્થ સુપર મલ્ટી સ્પેશ્યલીટી હોસ્પિટલ ના સહયોગ થી આગામી રવિવારે મફત રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે કેમ્પ મા મગજના રોગો, રૂદય રોગ વાસ્ક્યુલર અને થોરાસિક સર્જરી , હાડકા, કિડની જરાલ ફિંજીશિયન જનરલ સર્જનનાક કાન અને ગળા ના નિષ્ણાત તથા કેન્સર ના રોગના નિષ્ણાત તબીબો દ્વારા રોગ નિદાન કરવામા આવનાર છે નિદાન બાદ આયુષ્યમાન કાર્ડ ધરાવતા લાભાર્થી ને મફત સર્જરી અને સારવાર આપવામાં આવશે એમ વધુમાં જણાવ્યું હતું રોગ નિદાન કેમ્પ નો મોટી સંખ્યામાં લાભ લેવા માટે માર્કેટ યાર્ડ ના સેક્રેટરી વિમલ ભટ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ દીપ સિંહ રાઠોડ, પ્રાંતિજ ના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર હિમતનગર ના ધારાસભ્ય વી ડી ઝાલા, જિલ્લા ભાજપ પ્રમુખ જે ડી પટેલ જિલ્લાની શ્રેષ્ઠ સહકારી બેક્ક ગણાતી સાબરકાંઠા બેક્ક ના ચેરમેન મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર હોવાનુ જાણવા મળે છે

# પ્રાંતિજ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે લધુરૂદ્ર યજ્ઞ યોજાયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહાશિવરાત્રિ પર્વ ને લઇને દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ૨૮ મો લધુરૂદ્ર યોજાયો



પ્રાંતિજ તપોધન ફરી ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે મહાશિવરાત્રી પર્વ ને લઈને લધુરૂદ્ર નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ વર્ષે ૨૮ મો લધુરૂદ્ર યજ્ઞ યોજાયો હતો જેમાં પ્રાંતિજ ખાતે રહેતા સમગ્ર રાવલ સમાજ ના ભાઈબહેન ઉપસ્થિત રહ્યા હતા તો યજ્ઞ માં ઉદિત કુમાર જગદીશભાઈ રાવલ તથા તેમના ધર્મ પત્નીએ લધુરૂદ્ર નો લાભ લીધો હતો જયારે આ વર્ષે રાવલ જગદીશભાઈ લક્ષ્મણ ભાઈ રાવલ પરિવાર ના મુખ્ય યજમાન પદે લધુરૂદ્ર યોજાયો હતો તો દર વર્ષ ની જેમ આ વર્ષે પણ વ્યવસ્થાપક ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તો રાવલ સમાજ ના ભાઈઓ બહેનો શ્રી કાશી વિશ્વાનાથ મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દાદા ના દર્શન કરી યજ્ઞ નો લાભ લઈ આરતી નો લાભ ધન્યતા અનુભવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ તપોધન ફરી આજુબાજુ માં રહેતાં અન્ય સમાજના લોકોએ પણ દાદા ના દર્શન નો લાભ લીધો હતો તો વ્યવસ્થા કમિટી દ્વારા સુદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# ભિલોડાના નવા ભવનાથના મેળામાં માનવ મહેરામણ ઉમટયું

## નવા ભવનાથ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં હજ્જારો ભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી, શિવાલયોમાં કમળના દર્શન, મહા આરતી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા, ભકતો શિવમય બન્યા

ભિલોડા,તા.૧૮

દેવાધિદેવ મહાદેવ, ભોળા શિવ શંકર ભગવાનની આરાધના નું પવિત્ર પાવન પર્વ મહાશિવરાત્રીના નિમિત્તે



ભકિતભાવ પુર્વક આનંદ ઉલ્લાસભેર શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં હજ્જારો શિવ ભકતોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.નવા ભવનાથના મેળામાં હૈયેહૈયું ભીડાય તેટલી માનવ મેદની ઉમટી હતી. ભિલોડાના નવા ભવનાથના મેળામાં શ્રીફળ, ચંદન, પુજાપાનો સામાન , ધર - વખરી ની ચીજ - વસ્તુઓ, રમકડા , ફરાળી ચીજ - વસ્તુઓ, શેરડી નો રસ સહિત ઠંડા-પીણા નું ધુમ વેચાણ થયું હતું. મહાશિવરાત્રી નિમિત્તે શિવાલયોમાં ચાર પ્રહરની વિશેષ પુજા, આરાધના ભકિતભાવ પુર્વક શ્રધ્ધાભેર કરાઈ હતી.શિવજીને પ્રિય ભાંગની પ્રસાદી વિતરણનો કાર્યક્રમ ઠેર - ઠેર શિવાલયોમાં કરાયું હતું.હર હર મહાદેવ, ? નમઃ શિવાય, બમ બમ ભોલેનાથ ના નાદ સાથે વાતાવરણ ભકિતભાવ સાથે ગુંજી ઉઠ્યું હતું.શિવાલયોમાં ઠેર - ઠેર લધુરુદ્ર, જપ, તપ, પુજન, ભજન, અર્ચન, આરતી , મહા આરતી સહિત ભોજન અને પ્રસાદી ના કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડાના ખુમાપુર ગામ પાસે હાથમતી નદી કિનારે સ્વયંભુ શ્રી પતરેશ્વર મહાદેવ મંદિર, ટ્રસ્ટ અને ભક્તો ધ્વારા ફરાળી મહા પ્રસાદી નું વિશેષ આયોજન કરાયું હતું. ૧૦૦ મણ શક્કરિયા, બટાકા, ટોપરાની છીણ વગેરેની ફરાળ નો હજ્જારો ભક્તોએ મહા પ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.